**વાત શરૂ થઈ એક નધણિયાતા બની ગયેલા મોંઘા મૂલના કૂતરાથી! તપાસ કરતાં જણાયું કે એ અમેરિકાની મબલખ કમાણી કરીને આવેલા એક નાગરિકનું પાલતું 'પેટ' છે. પરંતુ વિશેષ તપાસ કરતાં જણાયું કે એ નાગરિકનું ઘર દિવસોથી બંધ છે અને એની અંદર એક મૃતદેહ પડેલો છે!**

# દેસાઈના ઘરમાં અજાણ્યો યુવાન મૃત દશામાં પડ્યો છે તો...

**રહસ્ય ચક્ર**

★ યશવંત મહેતા

**પરદેશી!-2**

**હા, અહીં બે કારતૂસોની ખોળી મળી આવી છે અને બીજી ગોળીનો પત્તો નથી, એનો સ્પષ્ટ અર્થ એ જ છે કે એ બીજી ગોળી મકાનમાલિકના દેહમાં ધરબી દેવામાં આવી છે, હત્યારાઓ એને મારીને એનો દેહ ઉઠાવી ગયા છે એવું મારું અનુમાન છે**


પોલીસવાળાઓની વિમાસણનો પાર નહોતો. રાજભવન સોસાયટીના રહેવાસીઓના કહેવા મુજબ તો તારકભાઈ દેસાઈ સાઠની આસપાસની ઉંમરના હતા, જ્યારે અહીં પલંગ પર મૃત પડેલો આદમી તો જુવાન હતો! અને એની છાતીમાં ગોળી ધરબાયેલી હતી. કોન્સ્ટેબલોએ તરત જ ઈન્સ્પેક્ટર દિનકર દેસાઈને ફોન કર્યો. મામલો મોતનો છે. દિનકરે કમિશનર ઓફિસને જાણ કરી અને ફોરેન્સિક લેબના માણસોને મોકલી આપવા વિનંતી કરી. અને થોડીક જ મિનિટોમાં રાજભવન સોસાયટીનું એ ઉજ્જડ મકાન માણસોથી ઊભરાવા લાગ્યું. સૌને સતાવતો પ્રશ્ન એ હતો કે એક વૃદ્ધના મકાનમાં એના પલંગ પર મળેલો જુવાન કોણ છે? વળી તારક દેસાઈના ઘરમાં આટલા દિવસોથી એક અજાણ્યો જુવાન મૃત દશામાં પડ્યો છે તો તારક દેસાઈ ક્યાં છે?

ફોરેન્સિક લેબના ડોક્ટર મહેતાએ જણાવ્યું કે જુવાન આશરે ત્રણ-ચાર દિવસથી અવસાન પામેલો છે. મોસમ ખૂબ ઠંડી હોવાને કારણે જ એનું શબ સડવા નથી લાગ્યું, બાકી જો ઉનાળો હોત તો રાજભવન સોસાયટીમાં આજે એકેય માણસ રહેતું ન હોત. સૌ દુર્ગંધથી ત્રાસીને નાસી ગયા હોત. મરહૂમના કપડાંમાં કે અન્યથા એની ઓળખની કશી નિશાની નહોતી. એને એક જ ગોળી છાતીમાં મર્મસ્થળે વાગી હતી અને એ એના પ્રાણ હરવા માટે પૂરતી હતી. અહીં પણ શિયાળો કામે લાગ્યો હતો. જ્યાં ગોળી વાગી હતી ત્યાં લોહી વહ્યું હતું ખરું, પરંતુ થોડી વારમાં જામી ગયું હતું. એટલે મરનારના દેહ અને કપડા સિવાય ક્યાંય લોહી રેડાયું જણાતું નહોતું. એ પલંગની નજીક ઊભો હોય અને ત્યારે જ કોઈકે ગોળી મારી હોય અને એ ચત્તોપાટ પલંગમાં પડ્યો હોય એવું અનુમાન કરી શકાતું હતું. દિનકરે એના ગજવા ખાલી કર્યા અને પછી ફોરેન્સિક લેબવાળાઓને રજા આપી શબને લઈ જવા.

એક કોન્સ્ટેબલે વિનંતી કરી, 'સાહેબ, અહીં જરાક અંધારું છે. બારીઓ ખોલું?' 'જરૂર,' દિનકરે રજા આપી. પછી લેબોરેટરી ટેકનિશિયનને સૂચવ્યું, 'કશેથી આંગળાનાં નિશાન મળે તો જુઓ.' જોકે આંગળાનાં નિશાન ક્યાંથી મેળવવા એ પણ પ્રશ્ન હતો. મરનારને જે પિસ્તોલમાંથી ગોળી મારવામાં આવી હશે એનો ક્યાંય પત્તો નહોતો. આમ છતાં બારણાના હેન્ડલ, ટેબલનું મથાળું વગેરે પરથી થોડીક છાપો એકત્ર કરવામાં આવી. મરનારનાં આંગળાની છાપો પણ લઈ લેવામાં આવી, જેથી સરખામણી માટે કામ લાગે.

એટલામાં દિનકરના એક કોન્સ્ટેબલે શોધ કરી: 'સાહેબ! જુઓ! પલંગના પાયા પાસેથી કારતૂસોની બે ખોળી મળી છે!'

'બે ખોળ?' દિનકરના ભવાં ચડી ગયાં. 'ત્યારે તો એક ગોળી ખાલી ગઈ હોવી જોઈએ. એ ક્યાંય મળે તો શોધી કાઢો. તપાસ કરો.' એટલે દિનકરના કોન્સ્ટેબલોએ કાળજીભરી શોધ આદરી. એ ઓરડામાં કે અન્ય કોઈ ઓરડામાં બીજી બુલેટની ખોળ મળી નહિ. મકાનની બારીઓ બંધ હતી અને એકેયમાં છેદ પડેલો જણાતો નહોતો. એટલે બીજી ગોળી બહાર ગઈ હોય એવુંય જણાતું નહોતું. મકાન બહારથી બંધ હાલતમાં મળ્યું હતું. એટલે ઘરફોડનો આ કેસ લાગતો નહોતો. બિનનિવાસીઓ પરદેશથી મોટા દલ્લા લઈ આવે છે, તે લૂંટવાનો હેતુ પણ જણાતો નહોતો. અલબત્ત, સૌથી મોટી વાત તો એ હતી કે જેનું આ રહેઠાણ હતું એનો પત્તો નહોતો અને એના ઘરમાંથી કોઈ અજાણ્યા જ આદમીની લાશ મળી આવી હતી! દિનકરે નક્કી કર્યું કે આવા ગૂંચવાડાવાળા કેસમાં મારું એકલાનું કામ નહિ. એણે કમિશનર સૈયદની રજા મેળવીને પ્રાઈવેટ ડિટેક્ટિવો અજય વર્મા અને રાધિકા ચેટરજીને કેસમાં સામેલ કરવાનું નક્કી કર્યું. ફોન કર્યો, 'હલો અજય! રાધિકા કેમ છે? શું કરો છો?'




'કેમ અમને યાદ કર્યા, દિનકર?' અજયે સામો પ્રશ્ન કર્યો. 'શું કરીએ, ભાઈ! દુઃખમેં નામ રામકા, ઔર મર્ડરમેં અજય-રાધિકા. જરા જલદી અહીં રાજભવન સોસાયટીમાં આવી જાવ ને!'

---

રાજભવન સોસાયટીમાં એ બંગલા નંબર બારમાં દીવાલો અને આલબમોમાં તારક દેસાઈના ત્રણ ફોટોગ્રાફ હતા. પણ નીચે તારીખો લખેલી હતી. બે વર્ષ અગાઉનો એક ફોટો હતો. એમાં દેખાતો તારક લગભગ સાઠની ઉંમરનો, નાની મૂછો તથા ટૂંકી દાઢીવાળો તથા નમી ગયેલા ખભાવાળો જણાતો હતો.

દિનકરે અજય અને રાધિકાને બે તસવીરો બતાવતા બતાવતા કેસની વિગતો આપવા માંડી. પડોશીઓ તરફથી જાણવા મળ્યું હતું કે તારક દેસાઈ આશરે બે વર્ષ પહેલાં અમેરિકાથી ખૂબ કમાણી કરીને નિરાંતે જીવવા માટે દેશમાં પાછો આવ્યો હતો. જોકે એનાં સંતાનો અમેરિકાનો મોહ છોડી શક્યાં નહોતાં. ખેર, એની પત્ની પણ સંતાનોના સંતાનોની સંભાળ રાખવાને બહાને અમેરિકામાં રહી પડી હતી. અહીં તારકને ઈશ્વરલાલ મળી ગયો હતો. જે માળી ઉપરાંત રસોઇયો, પટાવાળો, કારકુન, ચોકીદાર જેવી અનેક ભૂમિકાઓ નિભાવતો હતો. તારક અહીં રહેવા લાગ્યો ત્યારથી જ ઈશ્વર એની સાથે હતો. બસ, આ ઈશ્વરને બાદ કરતાં અને પેકીનીઝ કૂતરાને અવગણતાં તારક એકલો હતો.

'એ ઈશ્વર ક્યાં છે?' અજયે પૂછ્યું. 'એને શોધી કાઢવો જોઈએ.' 'અને તમે કહો છો કે દૂધવાળાને ચાર દિવસ અગાઉ બારણે લગાડેલી ચિઠ્ઠી મળી હતી,' રાધિકાએ વાતમાં ઝુકાવ્યું. 'એ ચિઠ્ઠી પણ ક્યાં છે? જરા બતાવો તો.'

દિનકરે એક પ્લાસ્ટિક કવરમાંથી ચિઠ્ઠી બતાવી. નાની સાઈઝના કોઈ ચિઠ્ઠી પેડનું એ પાનું હતું. એના પાના પર આછી લીલી લીટીઓ છાપેલી હતી. ચિઠ્ઠી શબ્દ વચ્ચે ફાટેલી હતી. એથી મથાળે સાવ સમતલ નહોતી. ચિઠ્ઠીમાં લખ્યું હતુંઃ 'ફરી કહીએ નહીં ત્યાં સુધી દૂધ લાવશો નહિ.'

'અચ્છા,' ચિઠ્ઠી વાંચતાં અજયે કહ્યું, 'રસોડામાંથી એક નોટબૂક મળી આવી છે. જુઓ, એમાં રસોડા માટેની ખરીદીની યાદીઓ કરવામાં આવી છે. સંભવ છે કે એ પેલા ઈશ્વરલાલે લખી હોય અથવા મરહૂમે પણ લખી હોય.'

ત્રણે જણાએ નોટબૂકના પાના ઉથલાવ્યાં. ચિઠ્ઠીના અક્ષર જુદા જ જણાયા. નોટબૂકમાં બે પ્રકારના હસ્તાક્ષર હતા. તારકના અને ઈશ્વરલાલના. પરંતુ ચિઠ્ઠીના હસ્તાક્ષર એ બંનેથી અલગ હતા.

એ પછી દિનકરે ચેકબૂકના કાઉન્ટર ફોઈલ્સ હાજર કર્યા, જે એને ઘરની તલાશી દરમિયાન મળ્યા હતા. એના હસ્તાક્ષર નોટબૂકના એક અક્ષર સાથે મળતા આવ્યા, પરંતુ ચિઠ્ઠીના અક્ષર ઓર જુદા હતા.

'એટલે કે દૂધવાળા માટેની ચિઠ્ઠી તારકભાઈએ લખી નથી,' દિનકરે તારવ્યું. 'તો પછી એ ચિઠ્ઠી લખનાર કોણ?'

'જવાબ સ્પષ્ટ છે, દિનકર,' અજયે કહ્યું. 'ચિઠ્ઠી લખનાર છે એ જેણે આ અજાણ્યા આદમીની હત્યા કરી છે. એને એ ખ્યાલ આવી ગયો હશે કે દૂધવાળા-છાપાવાળા દરરોજ આવશે. એ લોકોને કદી શંકા ન પડે એ માટે આ ચિઠ્ઠી લખી. આથી કેટલાક દિવસ તો આ ઘટના જાણ બહાર રહે.'

'તો એણે છાપાવાળા માટે ચિઠ્ઠી કેમ ન લખી?'

'જુઓ, આ બારણાની ઉપરની પેનલમાં એક આડો છેદ છે. છાપા, ટપાલ વગેરે બધું એની મારફતે ઓરડામાં નાખી શકાય છે.'

'એનો અર્થ કદાચ એમ પણ થાય કે હત્યારાને આ ઘર અને ઘરની વ્યવસ્થાનો સારો એવો ખ્યાલ હતો.' રાધિકાએ ઉચ્ચાર્યું.

'બરાબર.'

'એટલે કે એ તારકનો પરિચિત હતો?'

'હોવો જોઈએ.'

'અચ્છા, તો પછી એક પ્રશ્ન એ રહે છે કે તારકભાઈ ક્યાં છે?'

'મારું મન તો કહે છે કે તારક પણ જીવતો નથી.'

'શી વાત કરે છે!' દિનકર આશ્ચર્ય પામી ગયો. 'પ... પણ... એના ઘરમાં અજાણ્યો આદમી મરેલો મળી આવ્યો એનો અર્થ એ તો ન જ થાય કે એ પણ...'

'આ મામલામાં અજ્ઞાત તત્ત્વો એટલાં બધાં છે, દિનકર કે એક-બે વિગતોમાં હું ખોટો પડું એ શક્ય છે, પરંતુ મકાનમાં અજાણ્યા માણસનું શબ હોય અને મકાનમાલિક હાજર ન હોય અને હત્યા છુપાવવા માટે જે ચિઠ્ઠી લખાઈ તે મકાનમાલિકે લખી ન હોય, ત્યારે સંભાવના એ છે કે કાં તો હત્યારાએ મકાનમાલિકનું અપહરણ કરી ગયા હોવા જોઈએ, અથવા એને પણ મારી નાખ્યો હોવો જોઈએ. વળી, તારક અગર પોતાની મરજીથી ક્યાંક ગયો હોત તો પેલા પેકીનીઝને સાવ નધણિયાતું મૂકી ન જાત. કદાચ પોતાની સાથે લઈ જાત. પેકીનીઝ બાપડું અનાથ બની ગયું છે, એનો અર્થ જ એ છે કે તારક જીવતો નથી.'

અજયની આટલી લાંબી તર્કશ્રૃંખલાને સાંભળતા અને સમજતા દિનકરને એટલો શ્રમ પડ્યો કે બે મિનિટ એ મૌન જ બની ગયો. અજયના તર્કમાં એવી અશુદ્ધતા હતી કે પ્રતિવાદને કશો અવકાશ જ રહેતો નહોતો. રાધિકા પણ પોતાના પ્રિયજનની અદ્ભુત તર્કશક્તિ ભણી પ્રશંસાની નજરો માંડી રહી.

આમ બે મિનિટના મૌન વડે અજયની દલીલોને સન્માન આપ્યા પછી દિનકરે વાત આગળ વધારી, 'અહીં વાંચાયા વગર પડી રહેલા છાપાને આધારે નક્કી થાય છે કે મરહૂમનું મોત સોમવારને અઠ્ઠાવીસ તારીખે થયું છે.'

'બરાબર,' અજયે કહ્યું. 'હવે એ જોઈએ કે દૂધવાળા માટેની આ ચિઠ્ઠી કયા ચિઠ્ઠી પેડમાંથી લખવામાં આવી છે. આવું કોઈ પેડ મળ્યું છે ખરું?'

'એક પેડ મળ્યું છે.' દિનકરે પેલા પ્લાસ્ટિક કવરમાંથી એક પેડ કાઢ્યું. 'પણ દેખીતી રીતે જ આ ચિઠ્ઠીનો કાગળ આ પેડમાંથી નથી આવ્યો. આ પેડનો કાગળ હલકો છે. વળી એની છાપેલી લીટીઓ વાદળી રંગની છે.'

અજયે એ પેડ હાથમાં લીધું. દિનકરની વાત સાચી હતી. વળી આ પેડનું કદ પણ દૂધવાળાની ચિઠ્ઠીથી મોટું હતું. આ પેડની સપાટી તપાસવા માટે એના પર હાથ ફેરવતા અજય ચોંક્યો. એ સપાટી પર કશાક આંકા પડ્યા હતા. છેલ્લે જેણે આ કાગળ પર કશુંક લખ્યું તેણે લેખણ પર ખૂબ જ ભાર દીધો જણાયો. એને કારણે કાગળ પર ગલ પડ્યો હતો. અજયે પેડને પોતાની આંખોની સમાંતર પ્રકાશ સામે ધર્યું. કેટલાક અક્ષર અને કેટલાક શબ્દ બરાબર વાંચી શકાયા. જે શબ્દસમૂહ ગોઠવી શકાયા તે ઉચ્ચારવા માંડ્યો. '... કંટાળી ગયો... કહી દીધું કે એટલે ગુસ્સે ચડી ગયો... કરી નાખી તડાફડી... હવે તો જે થવું હોય એ થાય... વહેલામાં વહેલી ગાડી પકડીને... ફરતા કૂવાની શેરી, હારીજ... ત્યાં સુધી રહીશ - ઈશ્વરલાલ.' 'હં...' જે વાક્યખંડો વાંચી શકાયા એથી સંતુષ્ટ થતાં અજય બબડ્યો, 'દિનકર, લે, આ પેડ પણ તારા પુરાવાઓના ખજાનામાં મૂકી દે. આથી આપણું કામ વધુ સહેલું બનશે. આ ઈશ્વરલાલ એ તારકનો નોકર છે. ચિઠ્ઠીમાં હારીજ ગામનું સરનામું છે. ત્યાંથી એ પોતે અગર એનો પત્તો મળી જશે. આ તરફનો પોસ્ટમેન દેખાય તો જરા અહીં પાસે લાવજો.'

**(વાચક મિત્રો! આટલા બધા ગૂંચવાડાવાળા 'કેસ' અજય-રાધિકા પાસે જવલ્લે જ આવે છે. ખૂબ સંકુલ, આ કથા આગામી સપ્તાહે સમાપ્ત.)**